# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

એક ઉત્તમ પુસ્તકમાં કોઇનું જીવન પરિવર્તિત કરી શકવાની શક્તિ હોય છે - થોરો

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૩૨ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૩, મંગળવાર; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સાબરમતી જેલમાં ૨૯ ફૂટ લાંબી સુરંગ મળી





## અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના આરોપીઓ દ્વારા સુરંગ ખોદાઈ : અક્ષરધામના આરોપીઓ પણ કાવતરામાં સામેલ હોવાની આશંકા : લાંબા સમયથી સુરંગ ખોદવાની કામગીરી ચાલી રહી હોવા છતાં તંત્ર અજાણ રહ્યુ

અમદાવાદ,તા. ૧૧

અમદાવાદમાં સાબરમતી સેન્ટ્રલ જેલની અંદર ૨૬ ફૂટ લાંબી સુરંગ મળી આવતા ભારે સનસનાટી મચી ગઈ છે. ઈન્ડિયન મુજાહિદીનના આતંકવાદીઓ દ્વારા જેલમાં આ સુરંગ ખોદી કાઢવામાં આવી હતી. આતંકવાદીઓ જેલમાં સુરંગ મારફતે ફરાર થઈ જવાની યોજનામાં હોવાનું બહાર આવ્યુ છે. સમગ્ર તંત્ર સુરંગનો પર્દાફાશ કરવામાં આવતા હચમચી ઉઠ્યુ છે. ૨૬ ફુટ લાંબી સુરંગ કઈ રીતે ખોદવામાં આવી તેને લઈને પણ પ્રશ્નો ઉભા થઈ ગયા છે. અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના આરોપીઓ દ્વારા આ ષડયંત્ર તૈયાર કરવામાં આવ્યુ હતુ. અક્ષરધામના આરોપીઓ પણ આમાં સામેલ હોવાનું જાણવા મળ્યુ છે. વધુ માહિતી આપતા જેલના અધિકારીઓએ કહ્યુ છે કે છેલ્લા પાંચથી છ મહિનાથી સુરંગ ખોદવાની પ્રક્રિયા ચાલી રહી હતી





જેથી સુરંગનો ઉપયોગ કરીને ભાગી શકાય. અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં આરોપીઓ પૈકી ૧૪ આતંકવાદીઓ દ્વારા સુરંગ ખોદવામાં આવી રહી હતી. સુપ્રીટેન્ડેન્ટ ઓફ સાબરમતી સેન્ટ્રલ જેલ વીએમ પારઘીએ માહિતી આપતા કહ્યુ છે કે બેરેકમાં સુરંગ અમને મળી આવી હતી અહીં ૧૪ સિરિયલ બોમ્બ

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ બ્લાસ્ટના ૧૪ ત્રાસવાદીઓએ સુરંગ ખોદી

### બેરેકમાં કુખ્યાત આતંકવાદીઓ છે : આતંકવાદીઓની યોજના શું હતી તેને લઈને ઉંડી તપાસ નો દોર : જોત્સના યાજ્ઞિક પણ જેલ પ્રાંગણમાં પહોંચ્યા

અમદાવાદ,તા.૧૧

અમદાવાદમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ૧૮ ફુટ લાંબી સુરંગ મળી આવતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ સુરંગ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં આરોપીઓ દ્વારા ખોદવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. સાબરમતી સેન્ટ્રલ જેલમાં અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના પકડાયેલા આરોપીઓ હાલ હવા ખાઈ રહ્યા છે.

ઈન્ડિયન મુજાહિદ્દીન સાથે સંકળાયેલા આ આતંકવાદીઓ સુરંગ ખોદીને ફરાર થઈ જવાની યોજનામાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬મી જુલાઈ ૨૦૦૮ના દિવસે અમદાવાદ શહેર સિરિયલ બોમ્બ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૫૦ ટકા પરિવારો આજે પણ ઈંધણમાં લાકડા-છાણાં વાપરે છે

## ૧૫ ટકા પરિવારો ખુલ્લામાં રાંધી બે ટંક ભોજન આરોગે છે : ૩૬ ટકા પરિવારો પાસે રસોડાની સુવિધા નથી તો ૧.૩ ટકા પરિવારોને આજે પણ લાઈટનાં ફાંફા

(પ્રકાશ જહા દ્વારા) ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે પણ રસોઈ બનાવવા માટે લાકડાનો ઉપયોગ ૪૧.૪ ટકા પરિવારો કરી રહ્યા છે.જયારે એલ.પી.જી. ગેસનો ઉપયોગ કરતા પરિવારોની સંખ્યા ૪૬.૨ ટકા છે.

વસ્તી ગણતરીના જાહેર થયેલા પરિણામોમાં આ ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. ગેસના સિલિન્ડરોના ભાવ વધારાની અસર ગ્રામ્ય વિસ્તારમાં ઓછી જોવા મળી રહી છે તેનો આ પુરાવો છે.

### ૬ ટકા પરિવારો આજે પણ કેરોસીનના સહારે રાત્રી પ્રકાશ મેળવે છે

આ પરિણામોમાં ચોંકાવનારી હકીકત એવી બહાર આવી છે કે ઈંધણ તરીકે આજે પણ પૂળા, સાંઠકડીઓનો ઉપયોગ જિલ્લામાં થાય છે. આવા પરિવારોની સંખ્યા પણ ૫.૭ ટકા જેટલી જણાઈ આવી છે. ઈંધણમાં છાણાં વપરાશમાં લેતા પરિવારોની સંખ્યા ૦.૭ ટકા છે જયારે કેરોસીનનો વપરાશ કરતા પરિવારોની સંખ્યા ૪.૬ ટકા છે.

જિલ્લામાં વસતા પરિવારો પૈકી રસોડા વિનાના ઘરમાં રહેતા પરિવારોની સંખ્યા ૩૬.૧ ટકા નોંધાઈ છે તો ૧૫.૯ ટકા પરિવારો આજે પણ ખુલ્લામાં રાંધી અને બે ટંકનું ભોજન આરોગી રહ્યા છે.

વિકાસની ગમે તેટલી જોરશોરથી વાતો કરીએ પણ વિકાસને હજુ ગામડાઓના ઘર સુધી પહોંચાડવામાં નિષ્ફળતા મળી છે તે ચોંકાવનારી હકીકત છે.

જિલ્લામાં રાંધણ માટે ૫૦ ટકા જેટલા પરિવારો આજે પણ ઈંધણ તરીકે લાકડા, પૂળા, છાણા અને કેરોસીન વાપરે છે. જિલ્લામાં આજે પણ ૧૫.૬ ટકા પરિવારો ખુલ્લામાં રાંધી અને બે ટંકનું ભોજન લઈ રહ્યા છે.

આવું જ બીજું ચોંકાવનારૂ પરિણામ એ બહાર આવવા પામ્યું છે કે જિલ્લામાં હજુ પણ ૧૬.૧ ટકા પરિવારો પાસે કોઈ પણ પ્રકારનું વાહન નથી. જયારે ૪૨.૪ ટકા પરિવારો હજુ વાહન તરીકે સાયકલનો જ ઉપયોગ કરે છે. ચાર પૈડાના વાહન ધરાવતા પરીવારોની સંખ્યા માત્ર ૯.૨ ટકા છે.

### જિલ્લામાં ૮૨,૫૬૭ ખાલી મકાનો છે : ૧૬ ટકા પરિવારો આજે પણ વાહન વિહોણા

કોમ્યુનિકેશનની ક્રાંતિ માટે પણ દાવાઓ થઈ રહ્યા છે પરંતુ જિલ્લામાં લેન્ડલાઈન ફોનની સુવિધા ધરાવતા પરિવારો ૩.૫ ટકા છે જયારે મોબાઈલ ફોન ધરાવતા પરિવારોની સંખ્યા ૫૯.૮ ટકા છે. આ બંને સુવિધા ધરાવતા પરિવારો ૮ ટકા છે. આમ હજુ પણ ૩૦ ટકા લોકો કોમ્યુનિકેશનની કનેકટીવીટી ધરાવતા નથી તે એક હકીકત છે.

જિલ્લામાં આજે પણ ૪ ટકા પરિવારો પેયજળ બહારથી લાવી અને તેનો ઉપયોગ કરી રહ્યા છે. ૦.૯ ટકા પરિવારો કુવા દ્વારા પાણી મેળવે છે તો ૮.૫ ટકા પરિવારો ટયુબવેલનું પાણી વાપરે છે. નદી-કેનાલનું પાણી ૦.૧ ટકા પરિવારો મેળવે છે. ૮૯ ટકા પરિવારો નળ દ્વારા પાણી મેળવે છે.

જિલ્લામાં કુલ ૪,૩૩,૨૫૮ મકાનો નોંધાયેલા છે જે પૈકી ૮૨,૫૬૭ મકાનો આજે પણ ખાલી પડેલા છે. ૩,૫૦,૬૯૧ મકાનોનો કબ્જો જે તે પરિવારો ધરાવે છે. આ પૈકી ૮૦.૯ ટકા પરિવારો પોતાનું મકાન ધરાવે છે.

૧૪ ટકા પરિવારો જિલ્લામાં ભાડાના મકાનમાં રહે છે. આ પરિણામો જે બહાર આવ્યા છે તેમાં ચોંકાવનારી હકીકત એવી છે કે ૨૯ ટકા પરિવારો એક રૂમ ધરાવતા મકાનમાં વસે છે તો ૪૧.૫ ટકા પરિવારો બે રૂમ ધરાવે છે. ૨૦.૬ ટકા પરિવારો ૩ રૂમના મકાનમાં ૪.૫ ટકા પરિવારો

# કલોલ, દહેગામનો ઔડામાં સમાવેશ

## ઔડાના વિકાસની ૨૦૨૧ની યોજના જાહેર : આર્થિક રીતે પછાત નબળા વર્ગના લોકો માટે ૧૫ લાખ મકાનોનું આયોજન : કલોલ, દહેગામ, સાણંદ, મહેમદાવાદ, બારેજાનો ૨૦૨૧ સુધીમાં સમાવેશ થશે : ૧૮૬૬ કિ.મી.નો સમવાશે

ગાંધીનગર, તા. ૧૧

અમદાવાદ શહેર વિકાસ માટે રાજ્ય સરકારે ઔડાના વિકાસ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સંદર્ભમાં શહેરી વિકાસ પ્રધાન આનંદીબહેન પટેલે ઔડાના વિસ્તૃતીકરણની ૨૦૨૧ની યોજના જાહેર કરી હતી. જેમાં સાણંદ, કલોલ, દહેગામ, મહેમદાવાદ, બારેજાના ૧૮૬૬ કિ.મી.નો વિસ્તાર ૨૦૨૧માં ઔડામાં સમાવી લેવાશે.

ઔડાની પુનરાવર્તન યોજનાની જાહેરાત કરતા શહેરી વિકાસ પ્રધાન આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, આ યોજના અન્વયે અમદાવાદ નજીકના સાણંદ, કલોલ, દહેગામ, મહેમદાવાદ અને બારેજાનો ૧૮૬૬ કિલો મીટરનો વિસ્તાર ૨૦૨૧ સુધીમાં ઔડામાં ભેળવી દેવાશે આ માટે શહેરીજનો પાસેથી ૬૦ દિવસમાં વાંધા કે સુચનો મંગાવાશે.

નાગરિકોને સસ્તા મકાનો આપવા માટે ઝોન આરએએસની પણ રચના કરવામાં આવશે અને વધારાની એફએસઆઈ માટે જીડીસીઆરમાં



જોગવાઈ કરવામાં આવશે. તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે સરદાર પટેલ રીંગ રોડ પરના વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગને પોસાય તેવા મકાન માટે ખાસ ઝોન ઉભો કરાશે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અમદાવાદ શહેરની મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૨૧ ને આજે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૫ની કલમ ૧૩ હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આજથી સૂચિત મુસદ્દારૂપ વિકાસ નકશો જાહેર જનતાને સમજૂતિ અર્થે અને વાંધા સૂચનો મંગાવવા અર્થે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની અમદાવાદ ખાતેની કચેરીએ ખુલ્લો મૂકવામાં આવે છે. કુલ ૧૮૬૬ ચો.કિ.મી. વિસ્તારને આવરી લેતા ઔડા વિસ્તારમાં ૪૫૦ ચો.કિ.મી. વિસ્તારની અમદાવાદ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં ખેલ મહાકુંભની ૬ રમતો માટેનો ફાયનલ જંગ

## ૧૫૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેવા આવી પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૧

ખેલ મહાકુંભ-૨૦૧૨ની છ રમતોની ફાઈનલ સ્પર્ધા આજથી બે દિવસ માટે ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ગ્રાઉન્ડ પર શરૂ થશે જે બે દિવસ ચાલશે.

ખેલ મહાકુંભની ફાઈનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે આજે ગાંધીનગરમાં ૧૫૦૦ જેટલા ખેલાડીઓ આવી પહોંચ્યા છે તેમજ ૨૦૦ જેટલા અધિકારીઓ પણ અહિ આવી પહોંચ્યા છે.

સાઈના હુલામણા નામથી ઓળખાતા મેદાન ખાતે એથ્લેટીક્સ ઉપરાંત ફૂટબોલ, હેન્ડબોલ, શુટીંગ બોલ, હોકી તેમજ રસ્સાખેંચની ફાઈલ સ્પર્ધાઓ યોજાશે. બે દિવસ સુધી આ રમતવીરો દ્વારા તેમનું રમત કૌશલ્ય દાખવી અને મેડલ રેસમાં

### ફૂટબોલ, હોકી, શુટીંગ બોલ, રસ્સાખેંચ અને એથ્લેટીક્સની સ્પર્ધાઓ યોજાશે

પોતાની નામના મેળવશે.

ખેલમહાકુંભમાં રાજ્યકક્ષાએ વિજેતા ખેલાડીઓને ઉપરોક્ત સ્પર્ધા સ્થળે મંત્રીશ્રીઓના વરદહસ્તે મેડલ્સ, ટ્રેકશુટ, પ્રમાણપત્ર અને વિવિધ રમત વાર વય જુથમાં ચેમ્પીયન થયેલ ખેલાડીઓને ટ્રોફી અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

ખેલમહાકુંભ-૨૦૧૨નો પૂર્ણાહુતિ સમારંભ તા. ૧૩-૨-૨૦૧૩ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે યોજવામાં આવનાર છે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રી, સાંસદસભ્યોશ્રીઓ, શહેરના અગ્રગણ્ય મહાનુભાવો, ઉચ્ચ અધિકારીશ્રી તથા ગુજરાતને વિવિધ રમતોમાં ગૌરવ પ્રદાન કરેલ

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના બે સભ્યોના રાજીનામાના પત્ર અંગે વિકાસ અધિકારી અહેવાલ તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓમાંથી રાજીનામા આપનારા બે સભ્યોની સહિ અંગેની ખરાઈ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટે કરી હતી.

સમિતિઓમાં નિમણુંક થયેલા ત્રણ સભ્યો શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી ગાભાજી ઠાકોર અને શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલે સમિતિના સભ્યપદેથી રાજીનામા આપી દીધા હતા. આ સભ્યોની સહિની ખરાઈ માટે જિલ્લા વિકાસ અધિકારીએ આજે બોલાવ્યા હતા. આ ત્રણ સભ્યો પૈકી શ્રી અજીતસિંહ રાઠોડ અને ગાભાજી ઠાકોરના સહિની ખરાઈની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. આ બન્ને સભ્યોના રાજીનામા હવે સામાન્ય સભાની મંજૂરી માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પોતાના અહેવાલ સાથે મોકલશે. શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલ રાજ્ય બહાર પ્રવાસે હોવાથી તેઓ હાજર રહી શક્યા નથી.

શ્રી અજીતસિંહ રાઠોડ બાંધકામ સમિતિના ચેરમેન પદે રહી ચુક્યા છે. શ્રી ગાંભાજી ઠાકોર ઠાકોર સમાજના અગ્રણી છે અને સમાજ પર સારી પક્કડ પણ ધરાવે છે. આ બન્ને સભ્યોના રાજીનામા અંગે હવે પંચાયતની સામાન્યસભામાં નિર્ણય થશે.

જિલ્લા પંચાયતની ૧૫મી જાન્યુઆરીએ મળેલી સામાન્ય સભામાં સમિતિઓની રચના કરવામાં આવી હતી ત્યારથી આ રચનાનો મુદ્દો વિવાદે પડ્યો છે.


**આકર્ષક બિઝનેસ**

પાર્ટ ટાઈમ / ફુલટાઈમ
MNC સાથે બિઝનેસ તક
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
સંપર્ક કરો
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૯૦૩

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬